# ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉચ્ચ સિદ્ધિ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વ્યકિતત્વનાં લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ

ડૉ. આશાબેન એમ. પટેલ
ડી.જી.ટી. કોલેજ ઓફ એજ્યુકેશન,
અલીયબાડા જી. જામનગર

## ૧ પ્રસ્તાવના

પ્રવર્તમાન સમયમાં દરેક મા–બાપની એવી ઇચ્છા હોય છે કે પોતાનું બાળક શાળાકીય પરિણામોમાં ઉચ્ચ સિધ્દ્રિ મેળવે. એ જ રીતે દરેક શિક્ષક પણ પોતાના વિદ્યાર્થીઓ માટે આવું જ ઇચ્છતા હોય છે. એ સ્વભાવિક છે. પણ અહીં એવું માનવું ભૂલ ભરેલું છે કે માત્ર શાળાકીય પરિણામોમાં ઉચ્ચ સિધ્દ્રિ મેળવનાર વિદ્યાર્થીઓ જ પોતાના વ્યવસાયિક ક્ષેત્રામાં અથવા અન્ય ક્ષેત્રામાં આગળ હોય અને શાળાકીય પરિણામોમાં નિમ્ન સિધ્દ્રિ મેળવનાર વિદ્યાર્થીઓ આવા ક્ષત્રામાં પાછળ હોય. ૧૯૬૪માં નિમાયેલ કોઠારી કમિશને જણાવ્યું છે કે,

"ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઇ રહયું છે."

આપણે દેખીતી રીતે જ જોઇ શકીએ છીએ કે શિક્ષક પોતાના વર્ગખંડમાં દરેક બાળકને એક સરખી અધ્યાપન પદ્ધતિ વડે અધ્યયન કાર્ય કરાવે છે. દરેકને એક સરખું ભૌતિક વાતાવરણ પૂરું પાડવામાં આવે છે, છતાં શિક્ષક જયારે પોતાનું અધ્યાપન કાર્ય કેટલું સફળ થયું તે જાણવા માટે મૂલ્યાંકન કરે છે ત્યારે જોઇ શકે છે કે કેટલાક વિદ્યાર્થીઓ ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, તો કેટલાક નિમ્ન સિદ્ધિ પ્રાપ્ત કરતા જોવા મળે છે.

આથી જો શિક્ષક બાળકની સિધ્દ્રિ અને તેના વ્યક્તિત્વ લક્ષણોથી પરિચિત થાય અને માત્ર સિધ્દ્રિ જ નહી પરંતુ તેના વ્યક્તિત્વમાં રહેલી અભિરુચિના આધારે તેની રસ, રુચિ પ્રમાણે, ચિત્રકલા, શિલ્પકલા, સ્થાપત્યકલા, જેવા ગુણોને ધ્યાનમાં લઇ બાળકનું સારું અને યોગ્ય દિશામાં ઘડતર કરવામાં આવે તો શિક્ષક તેના શૈક્ષણિક કાર્યમાં સાર્થક અને સફળ બની શકે.

## ૨. અભ્યાસના હેતુઓ

સંશોધકે આ પ્રમાણેના હેતુઓ નક્કી કરેલ છે જેમાં,

- ધોરણ ૧૧ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા (સમગ્ર) વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા (સમગ્ર) વિદ્યાર્થીઓના 'વ્યક્તિગત પસંદગી પત્રક'ના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચેની તુલના કરવી.
- ધોરણ ૧૨ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા (સમગ્ર) વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા (સમગ્ર) વિદ્યાર્થીઓના 'વ્યક્તિગત પસંદગી પત્રક'ના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચેની તુલના કરવી.

### ૩. ઉત્કલ્પનાઓ

**$Ho_1$** ધોરણ ૧૧ ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા (સમગ્ર) વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા (સમગ્ર) વિદ્યાર્થીઓનાં 'વ્યક્તિગત પસંદગી પત્રક'માં લક્ષણવાર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**$Ho_2$** ધોરણ ૧૨ ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા (સમગ્ર) વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા (સમગ્ર) વિદ્યાર્થીઓનાં 'વ્યક્તિગત પસંદગી પત્રક'માં લક્ષણવાર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

### ૪. સંશોધનનું ક્ષેત્ર

સંશોધકે પ્રસ્તુત સંશોધન માટે સંતરામપુર તાલુકામાં આવેલી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ના ઉચ્ચ સિદ્ધિ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ લક્ષણોનો કેટલાક ચલોના સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ કરવાનો હોવાથી આ અભ્યાસ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણક્ષત્ર તરીકે લેવામાં આવ્યો છે.

### ૫. અભ્યાસનું મહત્વ

શૈક્ષણિક સંશોધન એ શિક્ષણ સુધારણા માટે આશીર્વાદરૂપ છે. શિક્ષણ એ જીવંત પ્રક્રિયા છે અને તેમા સમયે સમયે પરિવર્તનની આવશ્યકતા રહે છે. આવા પરિવર્તનને વધુ નક્કર બનાવવા સંશોધનની આવશ્યકતા રહેલી છે. સંશોધક દ્વારા હાથ ધરવામાં આવતું સંશોધન જો વિદ્યાર્થીઓ, શિક્ષકો કે સમાજ માટે ઉપયોગી બને તો જ તે સંશોધન સાર્થક ગણી શકાય. પ્રસ્તુત સંશોધનનું મહ્ત્ત્વ આ મુજબ છે જેમાં,

- પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓની સિદ્ધિ અને તેના વ્યક્તિત્વ લક્ષણોને આધારે તુલના કરવામાં આવી છે. ઉચ્ચ સિદ્ધિવાળા વિદ્યાર્થી કેવા વ્યક્તિત્વ લક્ષણો ધરાવે છે. કયા લક્ષણો બન્નેમાં સમાન જોવા મળે છે અને કયા લક્ષણો બન્નેમાં પરસ્પર વિરોધી રીતે જોવા મળે છે તેનો અભ્યાસ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને આધારે કરવામાં આવે છે.
- આમ, વ્યક્તિત્વ લક્ષણોનો અભ્યાસ ખૂબ જ મહ્ત્ત્વનો છે. હજી આપણી શિક્ષણપ્રથામાં આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવતી નથી અને તેથી જ ઉપરોક્ત બાબતોમાં જોવા મળે છે કે ઓટોમોબાઇલ ક્ષત્રમાં, ફેશન ક્ષત્રમાં કે એટમબોંબના ક્ષત્રમાં જેટલી સભાનતા બાળકોના વ્યક્તિત્વ લક્ષણો જાણવામાં નથી. જો આ બાબતન આપણે અંગૂલી નિર્દેશ તરીકે સ્વીકારીએ તો પ્રસ્તુત અભ્યાસનું મહ્ત્ત્વ ઉપરોક્ત વાકયામાં જ સમાઇ જાય છે અને તેથી જ પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

## ૯. વધાર્થીઓની સિદ્ધિ, જાતિ અને કક્ષાના આધારે વ્યકિતત્વ લક્ષણોની તુલના

સારણી ૧

ધોરણ ૧૧ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરવાતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના લક્ષણોની સરાસરી પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તર

| ક્રમ | ચલ | ધોરણ ૧૧ ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ $N_1=105$ | | ધોરણ ૧૧ નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ $N_2=93$ | | સરાસરીનો તફાવત | પ્રમાણ ભૂલ | ક્રાંતિક ગુણોત્તર | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરાસરી | પ્ર. વિ. | સરાસરી | પ્ર. વિ. | $M_1- M_2$ | $\sigma D$ | t | |
| ૧ | સિદ્ધિ | ૩૫.૭૫ | ૬.૯૫ | ૩૪.૩૯ | ૬.૪૩ | ૧.૩૬ | ૦.૯૫૧ | ૧.૪૩ | N.S. |
| ૨ | આદર કરવો | ૩૬.૦૪ | ૭.૯૪ | ૩૭.૫૯ | ૭.૪૯ | ૧.૫૫ | ૧.૦૯૭ | ૧.૪૧ | N.S. |
| ૩ | વ્યવસ્થા | ૩૫.૯૬ | ૮.૮ | ૩૭.૨૫ | ૭.૭૩ | ૧.૨૯ | ૧.૧૩૮ | ૧.૧૩ | N.S. |
| ૪ | પ્રદર્શન | ૩૧.૨૨ | ૬.૨૬ | ૩૧.૫૮ | ૫.૯૪ | ૦.૩૬ | ૦.૮૬૮ | ૦.૪૧ | N.S. |
| ૫ | સ્વાયતતા | ૩૩.૦૨ | ૫.૫૯ | ૩૨.૫૫ | ૬.૫૩ | ૦.૪૭ | ૦.૮૭ | ૦.૫૪ | N.S. |
| ૬ | સંલગ્નતા | ૩૫.૫૫ | ૭.૩૧ | ૩૫.૦૧ | ૬.૮૪ | ૨.૮૫ | ૧.૦૦૬ | ૨.૮૩ | ** |
| ૭ | આંતરિક સમજ | ૩૨.૬ | ૬.૫૨ | ૩૨.૭ | ૮.૦૪ | ૨.૮૪ | ૧.૦૪૯ | ૨.૭૧ | ** |
| ૮ | મદદ | ૩૩.૯૫ | ૭.૫ | ૩૫.૪ | ૭.૭૯ | ૧.૮૨ | ૧.૦૯ | ૧.૬૭ | N.S. |
| ૯ | પ્રભુત્વ | ૩૧.૭૬ | ૭.૨ | ૩૨.૧૩ | ૬.૦૫ | ૧.૬૩ | ૦.૯૪૨ | ૧.૭૩ | N.S. |
| ૧૦ | અવમાન | ૩૨.૮૬ | ૬.૩૩ | ૩૩.૩૯ | ૬.૮૧ | ૧.૦૯ | ૦.૯૩૮ | ૧.૧૬ | N.S. |
| ૧૧ | બીજાઓની કાળજી લેવી | ૩૫.૧૬ | ૬.૬૩ | ૩૩.૯૫ | ૭.૩૭ | ૧.૩૫ | ૧.૦૦૧ | ૧.૩૫ | N.S. |
| ૧૨ | પરિવર્તન | ૩૪.૪ | ૬.૬૪ | ૩૬.૫૧ | ૬.૭૧ | ૧.૨૩ | ૦.૯૫૧ | ૧.૨૯ | N.S. |
| ૧૩ | સહનશીલતા | ૩૬.૨૩ | ૭.૧૪ | ૩૫.૬૩ | ૬.૪૫ | ૦.૬ | ૦.૯૬૬ | ૦.૬૨ | N.S. |
| ૧૪ | વિજાતિય કામવૃતિ | ૩૨ | ૬.૧૮ | ૩૧.૪૭ | ૬.૧ | ૦.૫૩ | ૦.૮૭૪ | ૦.૬૦ | N.S. |
| ૧૫ | આક્રમકતા | ૩૨.૪૩ | ૫.૪૯ | ૩૩.૭૬ | ૬.૧૧ | ૧.૩૩ | ૦.૮૩ | ૧.૬૦ | N.S. |

N.S. – Not Significant *0.05 કક્ષાએ સાર્થક **0.01 કક્ષાએ સાર્થક

સારણી ૧ ધોરણ ૧૧ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થી અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ લક્ષણોની સરાસરી, પ્રમાણિત વિચલન અને ક્રાંતિક ગુણોત્તર દર્શાવે છે. સારણી પરથી જુદા જુદા ૧૫ વ્યક્તિત્વ લક્ષણોમાંથી વ્યક્તિત્વ લક્ષણ સિદ્ધિ, આદર કરવો, વ્યવસ્થા, પ્રદર્શન, સ્વાયતતા, મદદ, પ્રભુત્વ, અવમાન, બીજાઓની કાળજી લેવી, કામવૃત્તિ અને આક્રમકતા. જેવા લક્ષણોમાં ઉચ્ચ સિદ્ધિ ધરાવતા ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓમાં કોઇ તફાવત જોવા મળતો નથી. આથી આ લક્ષણો માટે શૂન્ય ઉત્કલ્પના $Ho_1$ નો સ્વિકાર થાય છે. આથી કહી શકાય કે વ્યક્તિત્વ લક્ષણ, સિદ્ધિ, આદર કરવો, વ્યવસ્થા, પ્રદર્શન, સ્વાયતતા, મદદ,

પ્રભુત્વ, અવમાન, બીજાઓની કાળજી લેવી, પરિવર્તન, સહનશીલતા વિજાતિય કામવૃત્તિ અને આક્રમકતા જેવા લક્ષણો માટે ધોરણ ૧૧ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ એકબીજાથી ભિન્નતા ધરાવતા નથી.

પરંતુ વ્યક્તિત્વ લક્ષણ સલગ્નતા, અને આંતરિક સમજ માટે t મૂલ્ય અનુક્રમે ૨.૮૩ અને ૨.૭૦ કરતા વધારે હોવાથી ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. આથી વ્યક્તિત્વ લક્ષણ સલગ્નતા અને આંતરિક સમજ માટે ધોરણ ૧૧ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓમાં ભિન્નતા જોવા મળે છે.

વ્યક્તિત્વ લક્ષણ સંલગ્નતા અને આંતરિક સમજ માટે સારણી ૧ પરથા સ્પષ્ટ થાય છે કે ધોરણ ૧૧ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતાં નિમ્ન સિદ્ધિ ધરાવતાં વિદ્યાર્થીઓની સરાસરી ઓછી છે. તેથી નિમ્ન સિદ્ધિ ધરાવતાં વિદ્યાર્થીઓ સંલગ્નતામાં અને આંતરિક સમજ નીચી જોવા મળે છે.

આમ છતા તેમની સરાસરી વચ્ચે જે કોઇ તફાવત જોવા મળે છે તે આકિસ્મક છે. અને આ વિદ્યાર્થીઓની સરાસરી વચ્ચે જે તફાવત જોવા મળે છે તે ૯૫% વિશ્વાસ સાથે કહી શકાય.

આમ, ઉપરોક્ત બાબતો પરથી જણાય છે કે ધોરણ ૧૧ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ સલગ્નતા અને આંતરિક સમજ કેળવવામાં ચઢિયાતા છે.

**સારણી ૨**

**ધોરણ ૧૨ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરવાતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના લક્ષણોની સરાસરી પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તર**

| ક્રમ | ચલ | ધોરણ ૧૨ ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ $N_1=88$ | | ધોરણ ૧૨ નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ $N_2=79$ | | સરાસરીની તફાવત | પ્રમાણ ભૂલ | ક્રાંતિક ગુણોત્તર | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરાસરી | પ્ર.વિ. | સરાસરી | પ્ર.વિ. | $M_1- M_2$ | σ D | t | |
| ૧ | સિદ્ધિ | ૩૭.૨૨ | ૬.૮૩ | ૩૭.૦૮ | ૬.૨૪ | ૦.૧૪ | ૧.૦૧૬ | ૦.૧૪ | N.S. |
| ૨ | આદર કરવો | ૩૭.૪૨ | ૭.૪૫ | ૪૦.૬૩ | ૮.૨૫ | -૩.૨૧ | ૧.૨૧૫ | ૨.૬૪ | ** |
| ૩ | વ્યવસ્થા | ૪૨.૩૪ | ૬.૫૩ | ૪૧.૭૮ | ૫.૭૭ | ૦.૫૬ | ૦.૯૫૮ | ૦.૫૮ | N.S. |
| ૪ | પ્રદર્શન | ૩૨.૮૫ | ૬.૪૮ | ૩૩.૭૫ | ૬.૫૧ | -૦.૯ | ૧.૦૦૭ | ૦.૮૯ | N.S. |
| ૫ | સ્વાયતત્તા | ૩૩.૩૨ | ૬.૨૭ | ૩૩.૭૫ | ૬.૫૮ | -૦.૪૩ | ૦.૯૯૫ | ૦.૪૩ | N.S. |
| ૬ | સંલગ્નતા | ૩૭.૮૬ | ૭.૪૪ | ૩૭.૮ | ૬.૭૪ | ૩.૪૬ | ૧.૧૦૩ | ૩.૧૪ | ** |
| ૭ | આંતરિક સમજ | ૩૪.૩૩ | ૭.૩૩ | ૩૪.૪ | ૭.૫૭ | -૩.૨૪ | ૧.૧૫૪ | ૨.૧૮ | * |
| ૮ | મદદ | ૩૬.૪૬ | ૮.૯૧ | ૩૭.૫૭ | ૮.૪૯ | ૨.૧૦ | ૧.૩૫૧ | ૧.૫૫ | N.S. |
| ૯ | પ્રભુત્વ | ૩૨.૪૨ | ૬.૮ | ૩૪.૩૬ | ૬.૭૨ | -૩.૪૮ | ૧.૦૪૮ | ૩.૩૨ | ** |
| ૧૦ | અવમાન | ૩૫.૨૨ | ૬.૯૩ | ૩૫.૯ | ૬.૪૬ | -૨.૬૪ | ૧.૦૪ | ૨.૫૪ | ** |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | બીજાઓની કાળજી લેવી | ૩૭.૮૩ | ૭.૭૯ | ૩૭.૮૬ | ૭.૪૬ | ૦.૨૫ | ૧.૧૮૩ | ૦.૨૧ | N.S. |
| ૧૨ | પરિવર્તન | ૩૭.૭૨ | ૫.૯૧ | ૩૭.૨૮ | ૬.૯૭ | -૨.૨૫ | ૦.૯૯૭ | ૨.૨૮ | * |
| ૧૩ | સહનશીલતા | ૩૭.૯ | ૬.૮૧ | ૩૯.૯૭ | ૬.૧૬ | -૨.૦૭ | ૧.૦૦૯ | ૨.૦૫ | * |
| ૧૪ | વિજાતિય કામવૃતિ | ૩૩.૦૯ | ૭.૬ | ૩૩.૧૫ | ૬.૭૯ | -૦.૦૬ | ૧.૧૨ | ૦.૦૫ | N.S. |
| ૧૫ | આક્રમકતા | ૩૪.૬૭ | ૬.૧૫ | ૩૪.૧૯ | ૬.૭૮ | ૦.૪૮ | ૧.૦૦૧ | ૦.૪૮ | N.S. |

**N.S. – Not Significant** ***0.05 કક્ષાએ સાર્થક** ****0.01 કક્ષાએ સાર્થક**

સારણા ૨ ધોરણ ૧૨ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ લક્ષણોની સરાસરી, પ્રમાણિત વિચલન અને ક્રાંતિક ગુણોત્તર દર્શાવે છે. સારણી પરથી જુદા જુદા ૧૫ વ્યક્તિત્વ લક્ષણોમાંથી વ્યક્તિત્વ લક્ષણોની માહિતી મળે છે.

અહી સારણી જોતા વ્યક્તિત્વ લક્ષણના જુદા જુદા ૧૫ વ્યક્તિત્વ લક્ષણોમાંથી વ્યક્તિત્વ લક્ષણ સિદ્ધિ, વ્યવસ્થા, પ્રદર્શન, સ્વાયતતા, બીજાઓની કાળજી લેવી, વિજાતીય કામવૃત્તિ અને આક્રમકતા જેવા લક્ષણોમાં ઉચ્ચ સિદ્ધિ ધરાવતા ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓમાં કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી. આથી આ લક્ષણો માટે શૂન્ય ઉત્કલ્પના **Ho$_2$** નો સ્વિકાર થાય છે. આથી કહી શકાય કે વ્યક્તિત્વ લક્ષણ સિદ્ધિ, વ્યવસ્થા, પ્રદર્શન, સ્વાયતતા, બીજાઓની કાળજી લેવી, વિજાતિય કામવૃત્તિ અને આક્રમકતા માટે ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ એકબીજાથી ભિન્નતા ધરાવતા નથી.

પરંતુ વ્યક્તિત્વ લક્ષણો આંતરિક સમજ, અવમાન, પરિવર્તન અને સહનશિલતા માટે tનું મૂલ્ય અનુક્રમે ૨.૧૮,૨.૫૪, ૨.૨૮ અને ૨.૦૫ છે. જે ૧.૯૬ કરતાં વધારે છે. આથી આ વ્યક્તિત્વ લક્ષણો ૦.૦૫ કક્ષાએ સાર્થક છે. પરિણામે વ્યક્તિત્વ લક્ષણો આંતરિક સમજ, અવમાન, પરિવર્તન અને સહનશિલતા માટે શૂન્ય ઉત્કલ્પના **Ho$_2$** નો અસ્વિકાર કરવામાં આવે છે. વળી વ્યક્તિત્વ લક્ષણો આદર કરવો, સલગ્નતા અને પ્રભુત્વ માટે tનું મૂલ્ય અનુક્રમે ૨.૬૪, ૩.૧૪,૩.૩૨ છે. જે ૨.૫૮ કરતા વધારે છે. આથી ૦.૦૧ કક્ષાએ આ વ્યક્તિત્વ લક્ષણો માટે જોવા મળતો તફાવત સાર્થક છે. પરિણામે વ્યક્તિત્વ લક્ષણો આદર કરવો, સલગ્નતા, અને પ્રભુત્વ માટે શૂન્ય ઉત્કલ્પના **Ho$_2$** નો ૦.૦૧ કક્ષાએ અસ્વિકાર કરવામાં આવે છે. આમ, વ્યક્તિત્વ લક્ષણો આદર કરવો, સંલગ્નતા અને પ્રભુત્વ, આંતરિક સમજ, સ્વમાન પરિવર્તન, અને સહનશિલતા માટે ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતા ભિન્નતા હતી.

વ્યક્તિવ લક્ષણો આંતરિક સમજ, સ્વમાન, પરિવર્તન અને સહનશિલતા માટે સારણી ૨ પરથી સ્પષ્ટ થાય છે કે ધોરણ ૧૨ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતા નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાથીઓની સરાસરી ઓછી છે. આથી ધોરણ ૧૨ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ આંતરિક સમજ, અવમાન, પરિવર્તન અને સહનશીલતા ધરાવે છે.

વ્યક્તિત્વ લક્ષણો આદર કરવો, સલગ્નતા અને પ્રભુત્વ માટે સારણી ૨ પરથી સ્પષ્ટ થાય છે કે આદર કરવો, પ્રભુત્વ જેવા લક્ષણો નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓમાં વધારે જોવા મળે છે. જયારે

સંલગ્નતાના ગુણો ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓમાં વધારે જોવા મળે છે. નિમ્ન સિદ્ધિ ધરાવતા ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓમાં સંલગ્નતાની ભાવના ઓછી જોવા મળે છે.

આમ, ઉપરોક્ત તમામ બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે ધોરણ ૧૨ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ સંલગ્નતા આંતરિક સમજ, અવમાન, પરિવર્તન જેવા લક્ષણો જોવા મળે છે. જયારે ધોરણ ૧૨ના નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ આદર કરવો, પ્રભુત્વ, સહનશીલતા જોવા મળે છે.

આમ છતા તેમની સરાસરી વચ્ચે જે કોઇ તફાવત જોવા મળે છે તે આકિસ્મક છે. અને આ વિદ્યાર્થીઓની સરાસરી વચ્ચે જે તફાવત જોવા મળે છે તે ૯૫ % વિશ્વાસ સાથે કહી શકાય. આમ, ઉપરોક્ત બાબતો પરથી જણાય છે કે ધોરણ ૧૧ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ સલગ્નતા અને આંતરિક સમજ કેળવવામાં ચઢિયાતા છે.

## ૮. તારણો

પ્રસ્તુત અભ્યાસના પૃથકરણ પરથી મળેલા તારણો આ મુજબ છે. જેમાં,

૧. ધોરણ ૧૧ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના 'વ્યક્તિગત પસંદગી પત્રક'માં સંલગ્નતા જેવા ચલોમાં ૦.૦૧ કક્ષાએ ઉચ્ચ સિદ્ધિ ધરાવાતા વિદ્યાર્થીઓ નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતા અગ્રેસર ગણાયા હતા. જયારે આંતરિક સમજ ચલમાં ૦.૦૧ કક્ષાએ ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતા નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અગ્રેસર જણાયા હતા.

૨. ધોરણ ૧૨ના ઉચ્ચ સિદ્ધિ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના 'વ્યક્તિગત પસંદગી પત્રક' માં સંલગ્નતા,અવમાન ચલોમાં ૦.૦૧ કક્ષાએ ઉચ્ચ સિદ્ધિ ધરાવાતા વિદ્યાર્થીઓ નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતા અગસર ગણાયા હતા. જયારે સ્વાયતતા, પ્રભુત્વ જેવા ચલોમાં ૦.૦૧ કક્ષાએ ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતા નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અગ્રેસર જણાયા હતા. જયારે પરિવર્તન ચલમાં ૦.૦૫ કક્ષાએ ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતા અગ્રેસર ગણાયા હતા. જયારે સહનશીલતા ચલોમાં ૦.૦૫ કક્ષાએ ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતા નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અગ્રેસર ગણાયા હતા.

## સંદર્ભ સૂચિ

1. Allport G.W., (1961). "Pattern and Growth in Personality", New York: Hall Rinehart and Winston.
2. Best. J.W. et al. (1986). Research in Education, New Delhi : prentice hall of India P. Ltd.
3. Cochran W.G. (1958). Sampling Techniques, Bombay: Ashiya Publishing House Asian Student edition.
4. દેસાઇ કે.જી. તથા અન્ય, (૧૯૮૪), શૈક્ષણિક પરિભાષા અને વિભાવના, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
5. દેસાઇ કે.જી. સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (દ્વિતીય આવૃત્તિ) અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.